|| જય એકલિંગજી ||

શ્રી ભટ્ટ મેવાડા જ્ઞાતિ હિતવર્ધક મંડળ, મુંબઈ

દુકાન નં. **RC-14, SRA**-4, ગ્રાઉંડ ફ્લોર, આંબાવાડી,

જૈન મંદિર અને ચાંડક નિશ્ચય બિલ્ડીંગ પાસે, દહીંસર (પૂર્વ), મુંબઈ – ૪૦૦૦૬૮

(સ્થાપના : સંવત 1976) રજીસ્ટર્ડ નં. 1144 (મુંબઈ)

સર્વ સાધારણ વાર્ષિક સામાન્ય સભા તા. ૨૯-૧૧-૨૦૨૬ માટેની સૂચના

તા. ૦૧-૧૧-૨૦૨૬

આદરણીય સભ્યો,

આથી સર્વે સભ્યોને જાહેર સૂચના આપવામાં આવે છે કે આપણા મંડળની વાર્ષિક સર્વ સાધારણ સભા નીચે જણાવેલ તારીખ, સમય અને સ્થળ પર રાખવામાં આવેલ છે. તમામ સભ્યોને નમ્ર વિનંતી છે કે આપ સહુ સમયસર સભામાં ઉપસ્થિત રહેશોજી.

સભાનું સ્થળ :
BAPS શ્રી સ્વામીનારાયણ મંદિર, પેહલા માળે, અજમેરા ગ્લોબલ સ્કૂલ ની સામે, યોગી નગર, બોરીવલી વેસ્ટ, મુંબઈ ૪૦૦૦૯૧ (નજીકનું મેટ્રો સ્ટેશન "એકસર")

સભાની તારીખ અને સમય : ૨૯-૧૧-૨૦૨૬ રવિવાર, બપોરે ૨.૦૦ થી ૩.૪૫ સુધી (સ્થાનીક સમય) [ચા-કોફી ની વ્યવસ્થા છે]
(જો પૂરતું કોરમ ન હોય તો, બેઠક મુલતવી રાખવામાં આવશે અને તે સાંજે ૨.૩૦ વાગ્યે શરૂ થશે અને બેઠક દરમિયાન લેવાયેલા નિર્ણયો બધાને સ્વીકાર્ય માનવામાં આવશે)

એજેન્ડા (સભાની કાર્યસૂચી) :
૧. ગત વાર્ષિક સામાન્ય સભાની મિનિટ્સ વાંચીને બહાલી આપવી
૨. વર્ષ ૨૦૨૫-૨૦૨૬નાં હિસાબ / અહેવાલની ચર્ચા અને બહાલી આપવી
૩. વર્ષ ૨૦૨૬-૨૦૨૭ માટે ઓડિટર નીમવા બાબતે
૪. મંડળની ઓફિસનાં રી-ડેવલેપમેન્ટ ની પ્રગતિ વિશે
૫. કાર્યકાળ પૂરો થતાં ટ્રસ્ટીઓની જગ્યા એ ૩ વર્ષના કાર્યકાળ માટે નવા ટ્રસ્ટીઓની નિમણૂક (ટ્રસ્ટી બનવા ઇચ્છુક વ્યક્તિઓએ લેખિત અરજી તા. ૨૦-૧૧-૨૦૨૬ સુધીમાં મંડળના ઈ-મેલ એડ્રેસ bhattmewadamumbai@gmail.com અથવા whatsapp નંબર 9969518091 ઉપર મોકલવી)
૬. નોટબુક અને અન્ય અનુદાન માટે કાયમી દાતાઓ ની પરિભાષા વિશે સુધારા
૭. વર્ષ દરમ્યાન બીજા કાર્યક્રમો કરવાની યોજના વિશે ચર્ચા અને બહાલી આપવી
૮. અન્ય કોઈ બાબતની ચર્ચા - પ્રમુખશ્રીની અનુમતિથી

નોંધ : નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૦૨૬નો આવક-જાવક નો હિસાબ, બેલેન્સ શીટ, ઓડિટ રિપોર્ટ આ સાથે પાઠવી છે અને તે મંડળની વેબ સાઈટ https://www.bhattmewadamumbai.in ઉપર પણ ડાઉનલોડ કરવા ઉપલબ્ધ છે. એની પ્રત મંડળનો કોઈપણ સભ્ય પોતાના ઓળખપત્ર સાથે લેખિતમાં અરજી આપીને મંડળની ઓફિસેથી ૧૫-૧૧-૨૦૨૬ને રવિવારે સવારે ૧૦.૩૦ થી ૧૨.૦ વાગ્યા સુધીમાં રૂબરૂ આવીને પ્રાપ્ત કરી શકે છે.

વાર્ષિક આવક-જાવકના અહેવાલ બાબતમાં કોઈપણ જાતના પ્રશ્ન હોય તો તેની લેખિત અરજી તા. ૨૦-૧૧-૨૦૨૬ સુધીમાં મંડળના ઈ-મેલ એડ્રેસ bhattmewadamumbai@gmail.com અથવા whatsapp નંબર 9969518091 ઉપર મોકલવી. ત્યારબાદ કોઈપણ જાતની અરજી સ્વીકારવામાં આવશે નહીં.

તે છતાં ઉપરોક્ત મિટિંગ કે વિગત બાબતે કોઈપણ ચોખવટ જોઈતો હોય તો સભ્યો, નીચે જણાવેલ નંબર ઉપર માનદ મંત્રીનો સંપર્ક સાધી શકે છે.

લિ. માનદ્ મંત્રી (Sd/-)

શ્રી ભાવેશભાઈ ત્રિવેદી (મો. 9322997172) શ્રી વિકાસભાઈ જોશી (મો. 9819936723)



ધન્યવાદ

